**તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૨ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૬૬ | ૨૬ ઓગસ્ટ, ૨૦૧૫, બુધવાર ; શ્રાવણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- જીએસટી બિલને પસાર કરવા માટે ટૂંકમાં ખાસ સત્ર બોલાવાશે
- જીએસટી બિલ પ્રશ્ને ખાસ સત્રને લઇ કોંગ્રેસ ઉદાસીન
- દિલ્હીની સરકારના કેટલાક નિર્ણયને કેન્દ્રએ રદ કર્યા છે
- સિંહસ્થ કુંભમાં આજે શ્રાવણ શુદ્ધ પ્રથમ પવિત્ર સ્નાન થશે
- આસામ પુર : ૫૦૦ કરોડની સહાયની કેન્દ્ર પાસે માંગણી
- વર્લ્ડ રેંકિંગમાં ટોપ ૧૦માંથી બહાર થયેલો વિરાટ કોહલી
- કાશ્મીર મુદ્દા સિવાય વાતચીતનો મતલબ નથી : શરીફ
- બજારમાં તેજી : સેંસેક્સમાં ૨૯૧ પોઇન્ટનો ઉછાળો

# મહાક્રાંતિ રેલીમાં માનવ મહેરામણની હેલી



## હાર્દિક પટેલનું તેજાબી પ્રવચન : હવે યુદ્ધ એ જ કલ્યાણ, અનામત લઈને જ જંપીશું જેવા નારાઓથી ગુંજી ઉઠ્યું જીએમડીસી

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદ શહેરના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આજે લોખંડી બંદોબસ્ત વચ્ચે પાટીદારોની અભૂતપૂર્વ અનામત રેલી યોજાઈ હતી. જેમાં રાજ્યભરમાંથી પાટીદાર સમુદાયના મહિલાઓ સહિત લાખો લોકો ઉમટી પડ્યા હતા. મંચ પરથી પાટીદાર આગેવાનોએ કોઈ પણ ભોગે અનામત લઈને ઝંપીશુ તેવો રણટંકાર કર્યો હતો અને આ આંદોલનને વધુ વિસ્તૃતરૂપમાં લઈ જવાશે તેવી જાહેરાત કરતાં રાજ્ય સરકાર ધ્રુજી ઉઠી હતી. અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલે એક પીઢ રાજનેતાને છાજે તેવું

### પાટીદારોને અનામત નહીં તો સરકાર નહીં : હાર્દિકનો હુંકાર



● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રીએ હાર્દિક પટેલના અલ્ટિમેટમને ફગાવી દીધું

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદમાં આદે યોજાયેલી પાટીદારોની અભૂતપૂર્વ રેલીથી ગુજરાત સરકારના પગ તળેથી જમીન સરકી રહી હોવાનું ચિત્ર સર્જાયુ હતું. એક ૨૨ વર્ષના નવ યુવાને આજે જીએમડીસી ગ્રાઉન્ડ પરથી અનામત નહિ તો સરકાર નહિનો પડકાર ફેકીને ગુજરાત સરકારને રીતસર ધુજાવી દીધી હતી. જો કે મુખ્યમંત્રી જાતે જ જીએમડીસી ગ્રાઉન્ડ પર આવીને આવેદનપત્ર સ્વીકારે તે માટે હાર્દિક પટેલે ૨૪ કલાકના અલ્ટિમેટને મુખ્યમંત્રી ફગાવી દીધું હતું.

## મુખ્યમંત્રી નિવાસસ્થાને ઉચ્ચસ્તરીય મિટિંગમાં લેવાયો નિર્ણય આંદોલનની સમીક્ષાકરી આગળની રણનીતિ ઘડાશે

હાર્દિક પટેલનું અલ્ટીમેટ ફગાવી દેવાનો નિર્ણય મુખ્યમંત્રીએ તાબડતોડ બોલાવેલી કોડ કમિટીની બેઠકમાં લેવાયો હતો જેમાં પાટીદાર આંદોલનથી ઉભી થયેલી પરિસ્થિતિની જીણવટ ભરી સમિક્ષા કરવામાં આવી હતી.

આવતીકાલ બુધવારથી વિધાનસભાનું ચોમાસુ સત્ર શરૂ થઈ રહ્યું હોવાથી પાટીદારો ગાંધીનગરમાં આવીને કોઈ તોફાન ન કરે તે માટે ખાસ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. જેવા મુખ્યમંત્રીથી માંડીને મંત્રીઓના નિવાસ સ્થાન અભેદ કિલ્લાબંધીમાં ફેરવી દેવાયા છે. રાજભવનથી માંડીને સમગ્ર મંત્રી નિવાસ સંકુલમાં સુરક્ષા જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા છે.

જ્યારે સચિવાલયમાં પણ આ પ્રકારની ત્રિસ્તદીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગાંધીનગરમાં આજે દિવસભર ઉચ્ચ સ્તરીય બેઠકોનો ધમધમાટ રહ્યો હતો. મુખ્યમંત્રીએ બોલાબોલી કોર કમિટીની બેઠકને પગલે રાજયના મુખ્યસચિવ પોલીસ મહાનિર્દેશક તથા ઉચ્ચ અધિકારીઓ વચ્ચે પણ મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી અને પાટીદાર રેલીના સંદર્ભમાં મહત્વની ચર્ચા પણ કરવા આવી હતી.

## શાંતિ-એકતા જાળવવા માટે સરકારે પ્રજાજનોનો આભાર વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૫

રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને નાણાં મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે, અમદાવાદમાં આજે યોજાયેલી પાટીદાર સમાજની રેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં શાંતિપૂર્ણ રીતે યોજાઈ તે માટે રાજ્ય સરકારે પ્રજાજનોનો આભાર વ્યક્ત કરે છે. તેમણે જણાવ્યું હતું કે, આ રેલી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે વહીવટીતંત્ર તથા પોલીસતંત્ર દ્વારા જે સુદઢ વ્યવસ્થા કરવામાં આવી અને તેને પરિણામે નાગરિકોની શાંતિ-સલામતી સાથે આ રેલીનું આયોજન પૂર્ણ થયું છે તે માટે પણ સમગ્ર વહીવટીતંત્ર અભિનંદનને પાત્ર છે. ગુજરાત શાંતિ, સદ્ભાવ, સંવાદિતા અને સૌહાર્દને માર્ગે ચાલીને સૌના સાથ-સૌના વિકાસને ચરિતાર્થ કરનારૂ અગ્રિમ રાજ્ય છે ત્યારે આ જ શાંતિ, સદ્ભાવ, ભાઈચારો અકબંધ રહે તે માટે સૌને હૃદયપૂર્વકનો અનુરોધ પ્રવક્તા મંત્રીશ્રીઓએ કર્યો છે.

# અનામત આંદોલન દરમિયાન હિંસા : ટીયરગેસ સેલ છોડાયા

## માનસી ચાર રસ્તા, જૂના વાડજ, વટવા તેમજ વસ્ત્રાપુર સહિતના વિસ્તાર છુટી છવાઈ હિંસાની ઘટનાઓ નોંધાઈ

અમદાવાદ,તા. ૨૫

અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આજે પાટીદાર મહાસભાનું આયોજન કરાયું હતું. જેના કારણે લાખોની સંખ્યામાં જનમેદની અમદાવાદમાં ઉમટી પડી હતી. સામાન્યરીતે શાંતિમય વાતાવરણમાં યોજાયેલી આ મહાસભા દરમિયાન કેટલાક વિસ્તારોમાં છુટા છવાયા અથડામણના બનાવો સામે આવ્યા છે. જીએમડીસી ગ્રાઉન્ડથી બે કિલોમીટરના અંતરે આવેલ માનસી સર્કલ નજીક એક કોમ્પ્લેક્ષમાં પાટીદાર સમાજના લોકોએ તોડફોડ કરી હતી. એક બાજુ જ્યાં જીએમડીસીમાં સભા યોજ્યા બાદ હાર્દિક પટેલ સહિતના પાટીદાર આગેવાનો રેલી કાઢી કલેક્ટર કચેરી જવા નિકળ્યા હતા ત્યારે કેટલાક તોફાની તત્વોએ માનસી કોમ્પ્લેક્ષ નજીક એક કોમ્પ્લેક્ષમાં તોડફોડ કરી હતી. જો કે, પોલીસે લાઠીચાર્જ કરી આ લોકોને ફગાવી દીધા હતા. બીજી બાજુ અમદાવાદના જુના વાડજ વિસ્તારમાં પણ પથ્થરમારો થતાં ઘટનાને કાબૂમાં લેવા પોલીસે લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. આ ઉપરાંત તોફાની તત્વોને કાબૂમાં લેવા માટે પોલીસે ટીયરગેસના ચાર સેલ છોડ્યા હતા.એટલું જ નહીં ઘટનાનું કવરેજ કરી રહેલ મિડિયા કર્મીઓ ઉપર પણ પોલીસે લાઠીચાર્જ કર્યો હતો જેના પગલે કેટલાક મિડિયા કર્મીઓ ઘાયલ થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પડી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ મિડિયા કર્મીઓ પથ્થરમારાનું શૂટિંગ કરી રહ્યા હતા જેના પગલે પોલીસ ભડકી હતી. આ ઘટનામાં બે અંગ્રેજી સમાચારપત્રોના ફોટોગ્રાફરો ઉપર લાઠીચાર્જ કરાયો હતો.



# હાર્દિક પટેલની ધરપકડ બાદ છુટકારો

ગાંધીનગર, તા. ૨૫

પાટીદાર રેલીના નેતા હાર્દિક પટેલની મોડી સાંજે પોલીસે ૧૫૧ હેઠળ જીએમડીસી મેદાન ખાતેથી અટકાયત કરાઈ હતી. શ્રી હાર્દિક પટેલ સાથે અન્ય પાંચની ધરપકડ કરાઈ હતી.

પોલીસે આ છની ધરપકડ કરી અજ્ઞાત સ્થળે લઈ ગઈ હતી. પરંતુ મોડી રાત્રે બધાને છોડી મુકવામાં આવ્યા હતા.

## રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાત : વાતાવરણ ડહોળાયુ

હાર્દિક પટેલની ધરપકડને કારણે રાજ્યમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા અને વાતાવરણ ડહોળાતા ગણતરીની મિનિટોમાં જ તેનો છૂટકારો થયો હતો.

હાર્દિક પટેલે છુટકારા બાદ પ્રજાજોગ અપીલ કરતાં લોકોને શાંતિ રાખવા જણાવ્યું છે. શ્રી હાર્દિક પટેલે લોકોને ખોટી અફવાથી ના દોરવવા જણાવ્યું છે.

તેણે પોતાનુ ઉપવાસ આંદોલન ચાલુ રાખવું કે સ્થગિત કરવું તે અંગેની કોઈ વિગતો આપી ન હતી.

# લાલજી પટેલે હાર્દિક સાથે છેડો ફાડવાની જાહેરાત કરી

### હાર્દિક પટેલે ઉપવાસ આંદોલનની જાહેરાત કરતા લાલજી પટેલે આંદોલનને સમર્થન પાછુ ખેંચ્યું : વિવાદની શરૂઆત

અમદાવાદ,તા. ૨૫

અમદાવાદમાં પાટીદાર મહારેલી સફળ રહી હોવાનું દાવો કરવામાં આવી રહ્યો છે. જો કે, આ રેલીમાં હાર્દિક પટેલ અને સરદાર ગ્રુપના લાલજી પટેલ વચ્ચેના મતભેદો ફરી એકવાર સામે આવી ગયા હતા. એક તબક્કે અમદાવાદ કલેક્ટર જાતે સભા સ્થળે આવીને પાટીદારોનું આવેદનપત્ર સ્વીકારી ગયા હતા. જો કે તેમ છતાં પાટીદાર અનામત સમિતિના કન્વીનર હાર્દિક પટેલે કલેક્ટર કચેરી સુધી રેલી યોજી હતી અને જ્યાં સુધી મુખ્યમંત્રી જાતે આવીને આવેદનપત્ર સ્વીકારે નહીં ત્યાં સુધી પાછા જીએમડીસી ગ્રાઉન્ડ પર જઈ ભૂખ હડતાળ પર બેસવાની જાહેરાત કરી હતી.

જો કે, આ જાહેરાતનો સરદાર પટેલ ગ્રુપના પ્રમુખ લાલજી પટેલે વિરોધ કર્યો હતો અને હાર્દિક પટેલ સાથે છેડો ફાડવાની જાહેરાત કરી

● અનુસંધાન પાન-૭ પર




## મોડીરાત્રે બનેલી ઘટનાઓ

- વડોદરા એક્સપ્રેસ વે પર બસોના કાચ તુટ્યા.
- મહેસાણામાં સાંસદ જયશ્રીબેનના કાર્યાલય પર હુમલો.
- ઊંઝામાં એસ.ટી. બસને આગ ચાંપવામાં આવી.
- ગૃહરાજ્યમંત્રી રજની પટેલના નિવાસસ્થાને તોડફોડ કરાઈ.
- ઘાટલોડિયામાં સમર્પણ ટાવર પાસે પોલીસનો લાઠીચાર્જ.
- લાલજી પટેલના કાર્યાલય પર પણ હુમલો.
- ભૂયંગદેવ પાસે બસ સળગાવાઈ.
- લોદરા મહુડી રોડ ચક્કાજામ.
- રાણીપ અને ન્યુ રાણીપ વિસ્તારમાં પત્થરમારો અને ટીયરગેસ છોડાયો.
- અમરાઈવાડી વિસ્તારમાં પણ પત્થરમારો.
- રબારી કોલોનીમાં ટીયરગેસના સેલ છોડાયા.
- પ્રાંતિજ-હિંમતનગર માર્ગ પણ ચક્કાજામ કરાયો.
- સૌરાષ્ટ્રમાં પણ અનેક સ્થાનો પર ચક્કાજામ અને તોડફોડના અહેવાલ.
- મંત્રી નીતિન પટેલના નિવાસસ્થાન પણ પત્થરમારો.
- માણસા કલોલમાં બસને આગ ચંપાઈ.
- ગાંધીનગર ભઈજીપુરા ખાતે બસ સળગાવાઈ.

